જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૦૨/૨૦૧૮ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૮૯/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૦ કેસ કરી, ૪૫ વ્યક્તિઓને ઝડપી, ૧૦૪ લીટર દેશી દારૂ અને ૨૦ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૮ કેસ કરી ૨૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૪,૧૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૯૦/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડ ચોરી :- સમાચાર યાદી નં.૨૯૧/૧૮

**સેટેલાઈટઃ** પરેશભાઇ કમલેશભાઇ મોદી (રહે.સેકટર -૧ ચાણક્યપુરી ફ્લેટ ઘાટલોડીયા) એ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૨/૧૮ રાતના ૯/૦૦ થી તા.૧૦/૨/૧૮ સવારના ૮/૩૦ વાગ્યા દરમ્યાન સેટેલાઇટ ઉમીયા વિજય શોપીંગ સેન્ટર ઓફીસ નં.૩૦૪ સ્વધાર કિસવેર પ્રા.લી ફાઇનાન્સ કંપનીની ઓફીસની ગ્રીલ તોડી અજાણી વ્યક્તિ ઓફીસમાં પ્રવેશ કરી સી.સી.ટી.વી. નું બેકઅપ ડીવાઇસ કિમત રૂપિયા ૫૦૦૦/- અને રોકડ રૂપિયા ૧,૬૦,૫૭૬/- મળી કુલ રૂપિયા ૧,૬૫,૫૭૬/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એસ.ચૌધરી ચલાવે છે.

## સોનાનું મંગળસુત્રખેંચી તોડી લઈ ગયોઃ- સમાચાર યાદી નં.૨૯૨/૧૮

**મણીનગરઃ** અંજનાબહેન વા/ઓ કિરેનકુમાર કાપડીયા (ઉ.વ.૩૫) (રહે. વિજયનગર હાઉસિંગ સોસાયટી વેદમંદિર પાસે કાંકરિયા રોડ મણીનગર) તા.૯/૨/૧૮ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પતિ સાથે મોટર સાયકલ પાછળ બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ પુરૂષ અંજનાબહેનના ગળામાંથી સોનાનુ પેડલ સાથે નુ મંગળસુત્રકિંમત રૂપિયા ૬૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ અંજનાબહેન કાપડીયાએ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.આઈ.રબારી ચલાવે છે.

**<u>વાહન ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૯૩/૧૮</u>**

**નરોડા :** નારણભાઇ સતાભાઇ ભરવાડ ઉ.વ.૩૫ રહે. શિવશક્તિનગર ભરવાડવાસ નોબલનગર નંદિગ્રામ સોસાયટી, સરદારનગર) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૨/૨૦૧૮ સાંજના ૬/૦૦ થી ૬/૩૦ વાગ્યા દરમ્યાન નાના ચિલોડા સી.એન.જી. પંપની સામે લાકડાના ડેમો ખાતેથી આરોપી ડ્રાઇવર વિનોદ (જે દાહોદ જીલ્લાનો વતની છે તે) નારણભાઇની ટાટા ૪૦૭ પીકઅપ ગાડી નંબર જીજે.૦૧.એફ.ટી.૧૪૬૧ કિંમત રૂપિયા ૫,૦૦,૦૦૦/- ચોરી કરી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એસ.ચૌહાણ ચલાવે છે.

**મણીનગરઃ** મોહસીનખાન મહમદખાન પઠાણ (રહે.નિર્ભયનગર સોસાયટી, ગવર્મેન્ટ "એફ" કોલોની સામે શાહઆલમ દરવાજા પાસે શાહઆલમ મણીનગર)એ તા.૦૧/૦૨/૧૮ કલાક ૦૦/૧૫ વાગે શાહઆલમ શાહિલ જ્વેલર્સની પાસે આવેલ નિર્ભયનગર સોસાયટીના દરવાજા નજીક મેક્સ પીક અપ ડાલુ ગાડી નંબર જી ૦૬ વીવી ૭૦૦૩ કિમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગે મોહસીનખાન પઠાણે તા.૧૦/૨/૧૮ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.એન.વાઘેલા ચલાવે છે.

**<u>પતરૂ વાગતા મૃત્યુ:-</u>** **<u>સમાચાર યાદી નં.૨૯૪/૧૮</u>**

**શહેરકોટડાઃ** યોગેન્દ્રબહાદુર સન/ઓફ બિશ્રામ જયસ્વાલ (ઉ.વ.૩૪) (રહે. હીરાબેનની ચાલી કલ્યાણનગરની સામે જી.ડી.હાઇસ્કુલ રોડ હીરાવાડી) તા.૦૨/૦૨/૧૮ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે નરોડા મેમ્કો ફ્રુટ માર્કેટ પાછળ ઉત્તર ગુજરાત એસ્ટેટ રૂસાન ઇન્ડસ્ટ્રીઝ સેડ નં-૧ ખાતે કામ કરતા હતા ત્યારે પેટના ભાગે પતરૂં વાગતા ઈજાઓ થતા સારવાર માટે આર્શિવાદ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૧૦/૦૨/૧૮ કલાક ૮/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. શહેરકોટડા પોલીસે અકસ્માતમોત નોધી આ અંગેની તપાસ હેકો.શ્રી દીલીપકુમાર વસંતલાલ ચલાવે છે.

**<u>દાઝી જતાં મૃત્યુ:-</u>** **<u>સમાચાર યાદી નં.૨૯૫/૧૮</u>**

**અમરાઇવાડીઃ** બરખાબહેન વા/ઓ દિપકભાઇ ચૌધરી (ઉ.વ.૨૮) (રહે.એક્તાનગર લાલબંગલા પાસે) તા.૨૬/૦૧/૧૮ સવારના ૧૦/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે રસોઇ બનાવતા હતા દરમ્યાન ચાલુ પ્રાઇમસમાં હવા ભરવા જતા ભડકો થતા દાઝી ગયા હતા. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૦/૦૨/૧૮ નારોજ તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એસ.પરમાર ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૯૬/૧૮**

**રામોલઃ** અમીતાબહેન વા/ઓ આનંદભાઇ ગજ્જર (ઉ.વ.૨૪) (રહે. કૈલાશ કોલોની વન્ડર પોઇન્ટ સી.ટી.એમ. રામોલ) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૨/૧૮ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે એલ.જી.હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એલ.રોહીત ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.